નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ગૂર્જર વાણી, ગૂર્જર લ્હાણી, ગૂર્જર શાણી રીત
જંગલમાં પણ મંગલ કરતી, ગૂર્જર ઉદ્યમ પ્રીત.
- ખબરદાર

પાથેય

- રમેશ ઠક્કર

માતૃભાષાનું મહિમાગાન

તારીખ ૨૧ ફેબ્રુઆરી એટલે માતૃભાષા ગૌરવ દિવસ..મનથી બોલાય એ માતૃભાષા અને મગજથી બોલાય એ પરભાષા..ઈ.સ.૧૯૫૨,માં બાંગ્લા ભાષાને બચાવવા માટે ૪ બાંગ્લાદેશી યુવાનો શહીદ થયા એ દિવસ હતો ૨૧ ફેબ્રુઆરી..જેને યુ.એન. દ્વારા વિશ્વ માતૃભાષા દિવસ તરીકે જાહેર કરાયો છે..આપણી માતૃભાષા ગુજરાતી છે..૨૪ મી ઓગસ્ટ એ ગુજરાતી ભાષા દિવસ છે એ ઘણાને ખબર નથી..જે વિર કવિ નર્મદનો જન્મદિવસ છે..

ભાષા એ વિચારોનો પહેરવેશ છે..પ્રત્યાયનની અનેક ભાષા હોઈ શકે, પરંતુ અભિવ્યક્તિની સચોટ રજુઆત કેવળ માતૃભાષામાં જ થઈ શકે...વિશ્વમાં સાત કરોડ લોકો ગુજરાતી ભાષા બોલનારા છે..પરંતુ આપણામાં ભાષાભિમાન નથી..બે અજાણ્યા ગુજરાતી એકબીજાને મળે તો અંગ્રેજી કે અન્ય ભાષામાં વાત કરે છે..આવું બંગાળી કે મરાઠી બોલતા લોકો ક્યારેય ના કરે..એ એમની માતૃભાષાને બેહદ ચાહે છે..લતા મંગેશકર..સચિન તેંડુલકર કે માધુરી દિક્ષિત આંતરરાષ્ટ્રીય સમારંભોમાં પણ મરાઠીમાં બોલે છે..આપણે ગુજરાતી બોલતાં શરમ અનુભવીએ છીએ..કારણવગર પરભાષામાં બોલતા લોકો કૃત્રિમ લાગે છે..માણસ જયારે માતૃભાષામાં બોલે છે ત્યારે એ દીપી ઉઠતો હોય છે.. હકિકતમાં આપણી ગુજરાતી ભાષા એક હજાર વર્ષનો સુદીર્ઘ ઈતિહાસ ધરાવે છે..એનું શબ્દભંડોળ આગવું છે.. ગૂર્જર સામ્રાજ્યનો વિસ્તાર એટલે 'ગૂર્જરાત' અને ક્રમશઃ એમાંથી થયું ગુજરાત...અને એની ભાષા ગુજરાતી..જે મુળ સંસ્કૃત...પ્રાકૃત..સૌરસેની પ્રાકૃત...પશ્ચિમી રાજસ્થાની..જૂની ગુજરાતી..અને આધુનિક ગુજરાતી...એમ ગૌરવશાળી રીતે વિકસી છે..

એ નરસિંહ અને મીરાં જેવા ભકત કવિઓની જબાન છે...જૈન કવિઓની આરાધના છે..પારસીઓના ખટમીઠ્ઠા શબ્દોની નજાકત છે..પ્રેમાનંદ ના સમયમાં આપણી ભાષા માટે કોઈએ મ્હેણું માર્યું..

'અબે તબે કા સોલ આના... ઈકડમ તીકડમ આના બાર,
અઠે કઠે કા આઠ હી આના,શું શાં પૈસા ચાર'

અને પોતાની માતૃભાષા ના ગૌરવ માટે પ્રેમાનંદે ભેખ ધારણ કર્યો..જયાં સુધી ગુજરાતીને ઉચ્ચ સ્થાને ના બેસાડી ત્યાં સુધી એમણે શિખા ન બાંધી અને માણ ઉપર આખ્યાનો થકી ઓજસ્વી ગુજરાતી કાવ્યોનું સર્જન કરી મહાકવિ નું બિરૂદ પામ્યા... આવા અનેક પડાવો છે એના વિકાસક્રમના ..આપણને ગૌરવ થાય એવા લોકો મળ્યા છે આપણી ભાષામાં. .દયારામની ગરબી કે નર્મદનું 'જય જય ગરવી ગુજરાત' લાજવાબ છે..એ ગાંધીજીની ભાષા છે..દુનિયાનું સૌથી મહત્વનું પુસ્તક 'સત્ય ના પ્રયોગો 'આપણી ભાષામાં લખાયું છે..સરદાર પટેલ પાણીદાર ગુજરાતી બોલતા જેનો આગવો અંદાજ હતો.. કૃષ્ણ ભગવાનના અંગત મિત્ર સુદામા ગુજરાતી હતા..ખુદ કૃષ્ણ પણ અહીં નિવાસ કરતા હતા એટલે એ પણ ગુજરાતી બોલ્યા હશે..આ કેટલું રોમાંચક છે !

ભગવાન સ્વામીનારાયણ કે દયાનંદ સરસ્વતી ગુજરાતીમાં લખતા..નાનજી કાલીદાસ મહેતા કે ધીરુભાઈ અંબાણી એ કરોડોનો કારોબાર આ ભાષામાં કર્યો છે..એ ગોવર્ધનરામની સંસ્કારિતા છે..ક.મા.મુનશીની અસ્મિતા છે..સરદાર પટેલનો લોખંડી પ્રતિભાવ છે .કૃષ્ણકુમારસિંહજી નું સ્વાર્પણ છે..સયાજીરાવ નું સુશાસન છે..પન્નાલાલ પટેલનો કથાવૈભવ છે..કલાપી ની કેકા છે..જામ રણજી નો માસ્ટર સ્ટ્રોક છે .એ મારી માતૃભાષા ગુજરાતી છે...

'હું ગુર્જર ભારતવાસી' કહેતા ઉમાશંકરની કાવ્યબાનીમાં એ સુપેરે વણાઈ છે..એ ઠક્કર બાપા કે રવિશંકર મહારાજની સેવા થકી ઉજળી બની છે. કોઠાસુઝ કે હૈયાઉકલત જેવા શબ્દો એની આગવી ઓળખ છે.. મને મારી માતૃભાષા માટે દાઝ છે. આ 'દાઝ' જેવો શબ્દ આપણી ભાષા જ આપી શકે ! એના કેટકેટલા અર્થ છે..! એ પારસીઓની શાલીનતા છે..નાગરો ની સુઘડતા છે..વ્હોરાઓની વ્હાલપ છે..મેમણોની મીઠાશ છે..અનાવીલોની એંટ છે..લોહાણાઓનું સાહસ છે..જૈનોનું જાજવલ્ય છે..પાણીદાર પાટીદારોનો પુરુષાર્થ છે..ક્ષત્રિયોની તેજસ્વીતા છે. એ મહાજાતીઓનો સમુહ છે..એ પીડ પરાઈ જાણે છે..એ મારા પ્રેમની કટારી છે..એ અનોખો જોસ્સો છે..એ મોંઘેરૂં ગાન છે.. એ ગાંધીના વૈષ્ણવજનની પરિભાષા છે..એ વિક્રમ સારાભાઈની જિજ્ઞાસા છે.. મારી માતૃભાષા મહાન છે..!

માતૃભાષાના ગૌરવગાનનો દિવસ

તંત્રીસ્થાનેથી...

પોતાના બાળકને એની અંગ્રેજી માધ્યમની શાળાવાળી ભાષા જ પોતીકી લાગતી હોવાનું જણાવતી 'ગરવી ગુજરાતણ' પાસેથી આપણે માતૃભાષાની સુરક્ષાની અપેક્ષા રાખી શકીએ ખરા ? હમણાં બાલમંદિરો સહિત શાળાઓ ફરી ખૂલી છે ત્યારે એક મહિલાએ એવું કહ્યું કે અમારું લાડકું સંતાન તો ઘરમાં પણ એની સ્કૂલની ભાષામાં જ વાત કરવાની જીદ પકડે છે અને અમારે એને અનુકૂળ થવું પડે છે આવું કહેવામાં પાછી એ ગૌરવ અનુભવતી હતી - એને ધરાર એ મુદ્દે કશી ફરિયાદ નહોતી કે એના બાળકને ગુજરાતી પ્રત્યે આટલી નફરત, આટલો અભાવ કેમ થઈ ગયો છે! ધીરે ધીરે આપણી અસ્મિતાનો આપણે જાતે જ હ્રાસ કરી રહ્યા છીએ એવું નથી લાગતું ? દયાનંતે દેશભાષા અને ગાંધીએ માતૃભાષાનો મહિમા કર્યો એની સામે આપણે મેકોલેની કૂટનીતિને વશ થઈ પોતાની ભાષા-સંસ્કૃતિને કોઈ ઊંડી ખીણમાં ધરબી દેવા તત્પર થયા છીએ. ૨૧ ફેબ્રુઆરીના દિવસને વિશ્વ માતૃભાષા દિન તરીકે ઊજવવાની પ્રેરણા જગતને તત્કાલીન પૂર્વ પાકિસ્તાન ઉર્ફે વર્તમાન બાંગ્લાદેશે આપી હતી. 'આમાર બાંગ્લા, સોનાર બાંગ્લા' ના નારા સાથે પશ્ચિમ પાકિસ્તાનની ભાષા - ઉર્દૂ સામે આંદોલન છેડી એક ભૂમિખંડે નવા દેશ તરીકેની ઓળખ મેળવી લેવા જંગ છેડી દીધો હતો. એથી તદ્દન વિરુદ્ધ અદલ આથમણી સરહદે વસેલી ગરવી ગુજરાત હવે અંગ્રેજીના રંગે રંગાઈ ચૂકી છે. ગુજરાતી સાહિત્ય પરિષદના એક સમયના કર્ણધાર નારાયણ દેસાઈ ગિરા ગુર્જરીને વિશ્વ ગુર્જરીનો દરજ્જો આપવાનું સપનું જોતા હતા. આમ જુઓ તો એ સપનું સાકાર કરવું અઘરું પણ નથી. આપણો કવિ તો ગાઈ ગયો છે : 'જયાં જયાં વસે એક ગુજરાતી - ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!' આખી દુનિયામાં ગુજરાતી પ્રજાનો દબદબો છે. પરંતુ એ પ્રજાએ પોતાની ભાષાને એટલું મહત્ત્વ નથી આપ્યું કે જેથી એ 'વિશ્વ ગુર્જરી'નો દરજ્જો મેળવી શકે. આવા ગુજરાતીઓને રસ્તે ચીંધે છે સિંધના ગુજરાતીઓ. પાકિસ્તાને એના ભાષાસમુદાયમાંથી આ ગુજરાતી પ્રજાની માતૃભાષાનો છેડ ઉડાડવાનો ફતવો જાહેર કર્યો એની વિરુદ્ધ કરાંચીમાં ઠેર ઠેર દુકાનોમાં પાટિયા ગુજરાતીમાં આલેખાતાં દેખાવા માંડ્યાં ! એક અહેવાલ મુજબ કરાંચીમાં પચ્ચીસ લાખ મુસ્લિમ પરિવારોની સવાર ગુજરાતીમાં શરૂ થાય છે. ત્યાં ગુજરાતી છાપું વંચાય છે અને શાળામાં ગુજરાતી માધ્યમ બંધ થતાં ગુજરાતી ભાષાના સ્વૈચ્છિક વર્ગો લેવાય છે. એમાં સિંધના યુવા પેઢીનો પોતાની અસ્મિતા વરતાય છે. ગુજરાતી હોવાનું એમને ગૌરવ છે. શું ફરી એક વાર માતૃભાષાના મુદ્દે પાડોશી દેશનું વધુ એક વિભાજન થશે ? કદાચ મોડું વહેલું એ થાય પણ ખરું. અત્યારે તો આપણે અંગ્રેજી ઘેલા ગુજરાતીઓ એમની પાસેથી માતૃભાષાના ગૌરવની જાળવણીનો બોધ લઈએ તોય ઘણું.

કાયદો એ ન્યાય નથી, પરંતુ ન્યાય મેળવવા માટેનું સાધન છે

"કેસનો નિકાલ નહી, પરંતુ નિર્ણય થાય તો જ ન્યાય મળે."

ન્યાયનો વિલંબ એ ન્યાય ના મળવા બરાબર છે. ન્યાય મેળવવાનો સંઘર્ષ સમાજમાં સતત ચાલતો રહે છે. ન્યાય મળવાથી વ્યક્તિને શાંતિ મળે છે. તેનાં મનમાં રહેલો અજંપો, વેર, ઈર્ષા, રાગ-દ્વેષમાંથી મુક્તિ પામે છે અને પોતાની સાથે થયેલા અન્યાયનો બદલો કુદરતે સામાવાળાને આપ્યો છે તેમ માની પરમેશ્વરનો ઉપકાર માને છે. તેથી જ ન્યાયપાલિકાને ભારતમાં ''ન્યાયમંદિર'' નો દરજ્જો જનતાએ આપ્યો છે અને ન્યાય તોલનારને ન્યાયાધિશનો. ન્યાયએ નિતિ છે. સામાજીક વિભાવના છે. પરિપક્વ થયેલી સમજણનો નિચોડ છે અને તે સત્યની નજીક છે. તેથી જ ન્યાયિક સત્તા સિવાય ન્યાય તોલી શકાતો નથી, પછી ભલે તે નગરપાલિકાના મેયરનો હોદ્દો હોય કે ધારાસભાનો, લોકસભાનો કે નીચલી કોર્ટનાં ન્યાયાધીશથી લઈ સર્વોચ્ચ અદાલતનાં ન્યાયમૂર્તિ સુધીનો હોય. મંદિરમાં ભગવાનની મૂર્તિની પૂજા કરીએ છીએ, ન્યાયાલયમાં ન્યાય તોલતા વ્યક્તિને ન્યાયમૂર્તિનો દરજ્જો માત્ર ભારતમાં જ આપવામાં આવ્યો છે, કારણ કે આપણે ન્યાયને ધર્મ સાથે જોડેલ છે. તેથી તેમાં સમતોલપણું આવરી લેવામાં આવ્યું છે. ન્યાયએ તોલવાનું સાધન નથી છતાં ન્યાયમૂર્તિના હાથમાં ત્રાજવું આપવામાં આવ્યું છે. જેથી કરીને સત્ય અને ધર્મનાં બે પલ્લા સરખા રાખી ન્યાય-અન્યાયની લડતમાં ન્યાયનું પલ્લું નમી જાય તેવો ન્યાય તોલાય છે, પરંતુ કેટલાક લોકો ન્યાય વેચાતો લેતા હોય છે, ખરીદતા હોય છે. તેવી પ્રજામાનસમાં ભ્રમણાઓ ભરેલી છે. કેટલાક ખરાબ કહેવાતા ભ્રષ્ટાચારી જજોનાં કારણે આખું ન્યાયતંત્ર બદનામ થાય છે. સત્ય કદિ ન્યાયનાં હેતુને નુકશાન પહોંચાડતું નથી. તેથી ન્યાય નિષ્પક્ષ, નિડર અને પ્રામાણીકતાથી આપવામાં આવે છે. ધાક, ધમકી, ભય કે ભ્રષ્ટાચારથી યુક્ત ન્યાય ના હોવો જોઈએ. તેનાથી મુક્ત ન્યાય હોવો જોઈએ. તેથી ન્યાયપાલિકાને રાજયપાલિકાથી સ્વતંત્ર દરજ્જો આપવામાં આવ્યો છે.

સમાન અને અસમાનને સમાન સ્થિતિમાં મૂકવા માટે અસમાન ધોરણો રચવા પડે છે, ત્યારે ન્યાય તોલાય છે. બધા જ લોકોને સમાન તક આપવામાં આવે છે તેથી સમાનતાનાં ગુણોથી મુક્ત ન્યાયનું મૂળ તત્વ રહેલું છે. કેટલીક વખત કેટલાક ચુકાદાઓમાં સમાજમાં અસંતોષની લાગણી પ્રગટે છે. ભેદભાવની નિતિ રીતી અનુસરતી હોય ત્યાં ન્યાય સમાન રીતે ના પણ તોલાય તેમ જ ન્યાય કરનારની વિચારસરણી, લાગણી, ધર્મ, જાતિ, રીતભાત પણ ન્યાયપ્રણાલી પર અસર કરતી હોય છે. ત્યારે કાયદાની ભાષામાં અપસેટ સર્જાતા હોય છે, પરંતુ ઉપલી અદાલતમાં ક્યારેક નીચલી અદાલતોનાં નિર્ણય ધરમૂળથી ફેરફાર કરવામાં આવતા હોય છે.

સાક્ષીઓએ ન્યાયનાં આંખ અને કાન છે. જો આંખ સાચું ના જોવે અને કાન સાચું ના સાંભળે તો ન્યાય સાચો ના જ તોલાય તે સ્વાભાવિક છે. તેથી જ ન્યાયની દેવીનાં આંખે પાટા બાંધેલા જોવા મળે છે. જેવું તેને બતાવો, જેવું સાક્ષી નિવેદન આપે તેવો ન્યાય મળે ન્યાય મેળવવા માટે પુરાવાથી પાત્ર બનવું પડે છે. વ્યક્તિની પહોંચ, જ્ઞાન, પદ, હોદ્દો, સત્તા કે જાતિ જોઈને ન્યાય થતો નથી. માણસ માણસને છાજે તેવું વર્તન કરે એટલે કે, માણસાઈપૂર્વક વર્તે એજ ન્યાય, પરંતુ ક્યાંક વ્યવહારમાં અસમાનતા, અનુચિત વર્તન આવે તે અન્યાય.

દરેકનાં ગમા-અણગમા, પૂર્વગ્રહો, પોતાના વિચારો, ખ્યાલોથી બંધાયેલા હોય છે. દરેક માણસ પોતાના વિચારોનો કેદી હોય છે. ન્યાય તોલવા માટે મન અને મગજ ખુલ્લા રાખવા પડે છે. અણગમાને તિરસ્કૃત કરવો પડે છે. અંજપાને મનમાં ઘૂસવા દેવામાં નહી આવે તો ન્યાયીક રીતે ન્યાય થાય, પોતાનો વ્યક્તિગત અહ્મ બાજુમાં મૂકી ગમો-અણગમો બાજુમાં રાખી કુદરતી ન્યાયનાં સિધ્ધાંતોને અનુસરીને ન્યાય કરવાનો હોય છે. પડેલા પુરાવાનો તલસ્પર્શિ અભ્યાસ કર્યા બાદ ન્યાય થાય છે.

ન્યાયનાં કેટલાક પ્રકાર છે, કુદરતી ન્યાય, અદાલતી ન્યાય, સામાજીક ન્યાય, આર્થિક ન્યાય, નૈસર્ગિક ન્યાય આ કાનૂની સિધ્ધાંતો છે. તેમાં ન્યાયનાં કેટલાક ચોક્કસ ધારા-ધોરણો છે. હાલમાં આમાં એક નવા ન્યાયનો ઉમેરો કરવામાં આવ્યો છે જે પણ ચુકાદો આવે તેને રાજકીય ન્યાય થી સરખાવવામાં આવે છે અને પાર્ટીની વિચારસરણી મુજબ તેનું વિશ્લેષણ કરવામાં રાજકીય પંડિતો લાગી જાય છે.

ન્યાય કરવો અઘરો છે. કેસનો નિકાલ કરવો સહેલો છે. ફેંસલો કરવો એટલે કેસ કાઢી નાખ્યા બરાબર છે. જેનો તુલનાત્મક અભ્યાસ કર્યા સિવાય સારા ખોટા પરીબળોને અવગણી એકતરફી નિકાલ કરવાની ફેશન ન્યાયપ્રણાલીમાં વધતી જાય છે. જેને ''નિકાલ કરવો'' શબ્દ પ્રયોગ આપવામાં આવ્યો છે. કેસનો નિકાલ કરવો એ ન્યાય કરવા બરાબર નથી જ. ''નિકાલ નહી પરંતુ કેસનો નિર્ણય થાય તો જ ન્યાય મળે.''

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
- info@trivediassociates.in

દિન મહિમા

- આંતરાષ્ટ્રીય માતૃભાષા દિવસ : દુનિયાભરના દેશોમાં માતૃભાષાનું જતન કરવા માટે વિશ્વ કક્ષાએ પ્રતિ વર્ષે ૨૧મી ફેબ્રુઆરીએ વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. ૧૯૯૯ નવેમ્બરમાં યુનેસ્કોએ માતૃભાષા ઉજવવાનું નક્કી કર્યું. જે ફેબ્રુઆરી, ૨૦૦૦થી દર વર્ષે મનાવવામાં આવે છે.

આજનું

ઔષધ

- બાવચીના પાનનો રસ અને દાડમના દાણા દહીંમાં મેળવી ખાવાથી મરડો મટે છે.

ખડખડાટ

- બા : આપણા દેઓશમાં ઋતુઓ કેટલી ?
  હું : ત્રણ, શિયાળો, ઉનાળો ને ચોમાસું.
  બા : સૌથી વધુ ભણેલી ઋતુ કઈ ?
  હું : એવું કાંય ના હોય. ઋતુ ને ઈ પણ ભણેલી ?
  બા : હોય હવે. ઉનાળો સૌથી વધુ ભણેલ ઋતુ કેવાય.
  હું : કેવી રીતે ?
  બા : સૌથી વધુ ડિગ્રી એની પાસે જ છે.

આજનો

વોટ્સએપ

- જેની ભાષામાં સભ્યતા હોય, તેના જીવન માં ભવ્યતા હોય...!

આપણું સાયુજ્ય તો રહ્યું અકબંધ! મિલન-વિયોગ પાસ-દૂર ક્યાં કૈં પ્રશ્ન!

"એને બંધ બારી ઉપર પડદાવાળો રૂમ પસંદ છે
મને ખુલ્લી ઓસરીવાળો - મઘમઘતા ફૂલની વેલ લટકતી હોય એવો!
એને કઢી-ભાત પસંદ છે, મને દાળભાત!
એને બીયરનું ટીન લઈને સિગરેટ પીવાનું પસંદ છે,
મને ફ્રેશ જયુશ સાથે સલાડ!
એનું દિમાગ વધારે ચાલે, મારું દિલ!
એને મોટા મોટા સાહસથી જ એક થ્રીલ મળે છે
મોટી મોટી ખુશીઓનો માણસ,
મને તો કળીમાંથી ફૂલ બને અને એની સુગંધ
શ્વાસમાં ભરાઈ જાય તો ચ ન્યાલ,
સાવ નાની નાની ખુશીઓની માણસ!
એ મશીનો સાથે માથા ફોડે,
હું શબ્દોના અર્થમાં ડૂબી જઉં!
એ સાવ જ એકાંતપ્રિય,
મને માણસો-માણસો પસંદ!
એને સેન્ડવીચ વધુ પસંદ, મને ઢોસા!
કેટલાં વિરોધાભાસ કહું હવે...
માણસમાં પણ
એને હું સૌથી વધુ પસંદ
અને
મને એ!"

માતા-પિતા, ભાઈબહેન અને સગા-સંબંધીઓ આપણને જન્મજાત મળેલા સંબંધો છે. આપણા ગમાઅણગમા કે ટેવો અને સ્વભાવ એકબીજા સાથે મળતા આવે છે પણ મિત્રો અને પત્ની/પતિ એવા સંબંધો છે કે જે વ્યક્તિ પોતાની મરજી મુજબ જાતે પસંદ કરે છે. અને સૌથી વધુ મજેદાર વાત તો એ છે કે આપણે ઘણીવાર જોયું છે સાવ વિરુદ્ધ પ્રકૃતિના અને વિરુદ્ધ વિચારસરણી ધરાવતા લોકો પણ ખૂબ સારા મિત્રો અને સારા જીવનસાથી પુરવાર થતા હોય છે. કવયિત્રી શ્રીમતી અનિલા શાહ કહે છે તેમ,

"એવા કેટલાંય સવાલો છે
જે લાગણીને સ્પર્શતા નથી
એવા કેટલાંય જવાબો છે
જે બુદ્ધિને જડતા નથી."

મનુષ્ય એ સંવેદનાનો જીવ છે. એ લાગણીના તાંતણે બંધાય છે. એ ગમે તેટલી પ્રગતિ કરે કે ગમે તે સ્થળે હોય પણ એના મનમાં છાના ખૂણે લાગણીનો એક હૂંફાળો માળો સદાય જીવંત રહેતો હોય છે. વિરુદ્ધ સ્વભાવ ધરાવતા કે ભિન્ન વિચારસરણી ધરાવતા અત્યંત નિકટના લોકો સાથે કોઈ કારણોસર ક્યારેક વૈચારિક મતભેદ થાય તો પણ માનવીનું તાર્કિક મન લાગણીઓ પર હાવી થઈ શકતું નથી. ક્ષણિક આવેગ કે ગુસ્સો આવે એ વાત સાહજિક છે પણ સંબંધોને વધુ મહત્ત્વ આપી પરસ્પરના અડ્મને ભૂલી જવાથી સંબંધ પહેલાની જેમ ફરી ખીલી ઊઠે છે. આજના આ ફાસ્ટ યુગમાં દરેક વ્યક્તિ શઆંતિ અને સંતોષ ઝંખે છે.

"તલાશ સિર્ફ સુકૂન કી હોતી હૈ,
નામ રિશ્તે કા ચાહેં કુછ ભી હો"

આજના આ મોર્ડન યુગમાં પતિ-પત્ની પોત-પોતાના કામમાં વ્યસ્ત રહેતા હોય છે. બંનેને પોતાનું એક અલગ ગ્રુપ હોય છે. બંને મોબાઈલના ઈમોજીસ દ્વારા વધુ અને આંખોનાં ઈશારે ઓછી અભિવ્યક્તિ કરતા હોય છે. આવા સંજોગોમાં દાંપત્યજીવનમાં તિરાડ ક્યારે પડી અને ક્યારે એ નજીવી વાત એક ઊંડી ખાઈ બની ગઈ તેનો ખ્યાલ પતિ-પત્ની બંનેમાંથી કોઈને રહેતો નથી. દરેકને અલગ થઈ જવાની, મુક્ત થઈ જવાની ઉતાવળ હોય છે. શાંતિથી બેસીને એકબીજાને સમજવાનો જાણે કોઈની પાસે સમય જ નથી. ઘણીવાર ગમે તેટલી મોટી લાગતી સમસ્યાનું સમાધાન પણ માત્ર અને માત્ર સમય હોય છે. જેમ જેમ સમય પસાર થતો જાય તેમ આકરામાં આકરી વેધક વાત પણ તેની તીવ્રતા ગુમાવી દે છે અને ગુસ્સો શાંત થતાં જ બંને પક્ષોને પોતપોતાની ભૂલ પોતાની મેળે જ સમજાઈ જાય છે. પણ એ માટે જરુર છે થોડું ધૈર્ય કેળવવાની; સામેવાળાની વાતને સાંભળવાની અને સમજવાની પણ!

સ્ત્રી-પુરુષ જયારે લગ્નના બંધનમાં એકબીજા સાથે જોડાય છે અને પતિ-પત્ની બને છે ત્યારે તેમને બે નવા પરિવારોને પણ અપનાવવાના હોય છે. પતિ માટે પત્નીનો પરિવાર અને પત્ની માટે પતિનો પરિવાર અજાણ્યો હોવા છતાં બંને પક્ષે જો સ્વીકારવૃત્તિ કેળવાય તો તેમનું સાયુજ્ય મહોરી ઊઠે છે. અને આવા વાતાવરણમાં તેમનું દાંપત્યજીવન પણ સદાય હર્યુભર્યું રહે છે. નાની-નાની વાતોને મનમાં સંઘરીને એનો વિષાદ કર્યા કરવાને બદલે તેને ખંખેરી નાખીએ તો સંબંધ ફરીથી પોતાના મૂળ સ્વરુપમાં પાછો મળી શકે છે. આપણે ત્યાં જે કુટુંબ વ્યવસ્થા બંધાઈ છે એની પાછળ હજારો વર્ષોનો મહાપ્રયત્ન, સતત તપશ્ચર્યા અને કરોડો લોકોના આપભોગ પડેલાં છે. પાશ્ચાત્ય સંસ્કૃતિના આંધળા અનુકરણમાં આપણે આપણી પાસે જે સુંદર અને સારી કુટુંબપ્રથા છે એ આપણે ખોઈ ન બેસીએ એ માટે આપણે જાગૃત બનવું પડશે. સાવ નાની-નાની ક્ષુલ્લક બાબતોમાં આપણાં વર્ષોના સંબંધને ઠુકરાવી દઈને આપણે એટલું ચોક્કસ યાદ રાખવું જોઈએ કે પાછળથી આ માટે આપણે ગમે તેટલો પસ્તાવો કરીશું પણ એ ગયેલો સંબંધ ક્યારેય પાછો મેળવી શકીશું નહિ. આજીવન વિરહના ઝુરાપાને વેઠવા કરતાં એકબીજાને જેવા છીએ તેવા જ સ્વરુપે સ્વીકારતાં શીખીશું તો સંબંધોરૂપી કયારી હંમેશા ફુલગુલાબી પુષ્પોની જેમ મઘમઘતી રહેશે.

આપણું સાયુજ્ય તો રહ્યું અકબંધ!
મિલન-વિયોગ પાસ-દૂર ક્યાં કૈં પ્રશ્ન!
રે'શે આપણી સહિયારી મન ની મોજ!
અંધારું નથી જિંદગી છે ઉજાસ જશ્ન!

'સ્માર્ત'
- nehalgadhavi 101@gmail.com

માતૃભાષા ગુજરાતી વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટી)ની સ્થાપના થવી જોઈએ : વિશ્વભરમાં વસતા ગુજરાતીઓનો સહિયારો પુરુષાર્થ વિક્રમ સર્જી શકે

સમગ્ર વિશ્વમાં ફેલાયેલા સફળ, સાહસિક અને સહિષ્ણુ ગુજરાતીઓની માતૃભાષાની પોતાની એક સ્વતંત્ર યુનિવર્સિટી હોય તે કેવી સરસ અને રોમાંચક વાત છે !

માતૃભાષા ગુજરાતી અંગેની એક સ્વતંત્ર યુનિવર્સિટીની રચના થાય તેનાથી રૂડું બીજું શું હોય ?

ગુજરાતી સંસ્કૃતિ આથમી રહી છે, ગુજરાતીતા કે ગુજરાતીપણામાં મૂલ્યાં ઘસાઈ રહ્યાં છે ત્યારે ગુજરાતી ભાષાને જીવતી રાખવા શક્ય તેના તમામ પ્રયાસો કરવા જ પડશે કારણ કે ભાષા અને સંસ્કૃતિ એક જ સિક્કાની બે બાજુઓ છે. રૂપિયાની લાયમાં ગુજરાતીઓ માતૃભાષાનો ખણખણતો સિક્કો જ વિસરી ગયા છે.

ગુજરાતી ભાષા અંગ્રેજી ભાષા સામે ઓળખ અને અસ્તિત્વ માટે ઝઝૂમી રહી છે ત્યારે ગુજરાતમાં ''માતૃભાષા ગુજરાતી યુનિવર્સિટી''ની સ્થાપના થાય, તાકીદે થાય તે અનિવાર્ય છે.

●●●

આમ તો ગુજરાતમાં ૬૫થી વધુ યુનિવર્સિટી છે, પરંતુ આ પ્રદેશ હજી પોતાની માતૃભાષાની અલાયદી યુનિવર્સિટીની પ્રતિક્ષા કરી રહ્યો છે.

ગુજરાતીઓ માત્ર ગુજરાતમાં વસે છે તેવુ નથી. ગુજરાતીઓ ગુજરાત બહાર ભારતમાં અને ભારત બહાર વિશ્વમાં વસવાટ કરે છે. જો માતૃભાષા ગુજરાતી યુનિવર્સિટીની રચના થાય તો સમગ્ર વિશ્વમાં વસતા ગુજરાતીઓ સાથે મળીને પોતાની મીઠડી અને વહાલી માતૃભાષાનું જતન અને સંવર્ધન કરી શકે.

સમગ્ર વિશ્વમાં ભાષાકીય ધોરણે જો કોઈ પહેલી યુનિવર્સિટી બની હોય તો તે હતી ''ધ હિબ્રૂ યુનિવર્સિટી ઓફ જેરુસલેમ.'' હિબ્રૂ ભાષા યહુદીઓની માતૃભાષા છે. યહૂદીઓ આખા વિશ્વમાં પથરાયેલા છે. તેમણે ખૂબ દુઃખો વેઠ્યાં છે. યહૂદીઓમાં આત્મબળ ઘણું. ઓળખ અને અસ્તિત્વની ઝૂઝારું ભાવના પણ ખૂબ મજબૂત. પોતાની ભાષા અને ધર્મ માટે હૃદયના ઊંડાણથી આદર અને પ્રેમ. અનેક અત્યાચાર અને અન્યાય સહન કર્યા પછી તેઓ પોતાની માતૃભૂમિના જમીનના એક ટુકડા પર ભેગા થયા.

વર્તમાન ઝાંખો હતો અને ભવિષ્ય તો એકદમ અંધકારમય. શું કરવું એ મોટો પડકાર હતો. ત્યાં તેમને પોતાની માતૃભાષા હિબ્રૂ યાદ આવી. યહૂદીઓ માના ખોળામાં જઈને બેઠા અને માતૃભાષાએ તેમના માથા પર મમતા અને વાત્સલ્યથી હાથ ફેરવ્યો.

તેમણે ૧૯૧૮માં માતૃભાષા હિબ્રૂની એક અલાયદી યુનિવર્સિટી જ સ્થાપી દીધી. તેને નામ આપ્યું 'ધ હિબ્રૂ યુનિવર્સિટી ઓફ જેરુસેલમલ્ય. ઈઝરાયલ રાષ્ટ્રની સ્થાપના છેક ૧૯૪૮માં થઈ. યહૂદી પ્રજાનો માતૃભાષા પ્રેમ તો જુઓ ! રાષ્ટ્ર કે વતન વગરની આ પ્રજાએ માતૃભાષાની યુનિવર્સિટી ૩૦ વર્ષ પહેલાં સ્થાપી દીધી હતી.

યહૂદી પ્રજાના રાષ્ટ્ર ઈઝરાયલનું નિર્માણ થયું અને આ પ્રજા નવા જોમ અને જુસ્સા સાથે, પુનઃ નવજીવન પામી તેમાં માતૃભાષાનું મોટું પ્રદાન. સમગ્ર વિશ્વમાં, ખૂણે ખૂણો ફેંદીને આ પ્રજાએ માતૃભાષાના ગ્રંથો એકત્રિત કર્યા. વેરવિખેર અને ઝાંખી થઈ ગયેલી માતૃભાષાની શક્તિને સંગઠિત અને સુગ્રથિત કરી.

છ પરિસરમાં પથરાયેલી ધ હિબ્રુ યુનિવર્સિટીમાં સાત વિભાગો છે, ૧૪ સ્કૂલો છે અને ૨૩,૦૦૦ વિદ્યાર્થીઓ છે. ૧૦૦૦ વરિષ્ઠ તજ?જ્ઞો અહીં ભણાવે છે. આ યુનિવર્સિટી ૭૦૦૦થી વધુ પેટેન્ટ્?સની નોંધણી કરાવી છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ યુનિવર્સિટીમાંથી વિશ્વને આઠ નોબેલ પારિતોષિત વિજેતા મળ્યા છે.

ગણિતમાં એક ફિલ્ડ મેડલ વિનર પણ મળ્યા છે.

આ યુનિવર્સિટીના સ્થાપકોમાં આલ્બર્ટ આઈનસ્ટાઈન, માર્ટિન બ્યુબર, ચાઈમ નહમાન બિયાલિક, ચાઈમ વિઝમેનનો સમાવેશ થાય છે. આ યુનિવર્સિટી વિશ્વની ૧૦૦ શ્રેષ્ઠ યુનિવર્સિટીમાં સ્થાન પામે છે તો આંતરરાષ્ટ્રીય ઈઝરાયેલી યુનિવર્સિટીઓમાં તે પ્રથમ ક્રમે છે. તે શ્રેષ્ઠતા અને ગુણવત્તા ઉપર ભાર મૂકે છે. શ્રેષ્ઠતા, સામાજિક વિજ્ઞાન, માનવતા, સ્પેશિયલ વિજ્ઞાન અને મેડિસીનમાં તે વિશેષ જાણીતી છે.

કદાચ, વિશ્વની આ પહેલી ભાષાકીય, વિશેષ કરીને માતૃભાષાને લગતી યુનિવર્સિટી છે.

યહૂદી પ્રજાની જેમ જ ગુજરાતીઓ પણ સમગ્ર વિશ્વમાં પથરાયેલા છે. જો ગુજરાતમાં માતૃભાષા ગુજરાતી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવે તો વિશ્વના ૧૫૦થી વધુ દેશોમાં વસતા ગુજરાતીઓનાં માતૃભાષા પ્રેમને સંગઠિત, સંગ્ર